# अज्ञातकर्तृक
# प्रश्नोत्तरवाक्यरत्नसंग्रहः

- सं. साध्वी चारुशीलाश्री

परम पूज्य आचार्य विजयशीलचन्द्रसूरिजी पासेथी मळेली त्रण पत्रनी आ प्रश्नोत्तरवाक्यरत्नसङ्ग्रहनी हस्तप्रतिनी झेरोक्ष श्री मुनि भक्तिविजयजीना सङ्ग्रहनी (भावनगर, आत्मानन्द सभा) छे.

प्रान्ते 'सं १९५९' लेखन संवतनी नोंध मले छे.

टूंका छतां मार्मिक अने सरल आ प्रश्नोत्तर बोधदायक छे.

**अथ प्रश्नोत्तरवाक्यरत्नसंग्रहः ॥**

॥ प्रश्न० ॥ जगतमां ग्राह्य शुं छे ॥ ?
॥ उत्तर ॥ गुरुवाक्य ॥
प्र० ॥ त्याज्य शुं ॥ ?
उ० ॥ संसार कार्य० ॥
प्र० ॥ गुरु कोण ॥ ?
उ० ॥ विज्ञाततत्त्व ॥ तथा ॥ जीवदयातत्पर होय ते ॥
प्र० ॥ उत्तम जनने शीघ्र कर्तव्य शुं छे ॥ ?
उ० ॥ संसारवृद्धिना कार्यनुं छेदन ॥
प्र० ॥ मोक्षतरुबीज कयुं ॥ ?
उ० ॥ सक्रिय सम्यग्ज्ञान ॥
प्र० ॥ जीवने परलोक जतां पाथेय शुं ॥ ?
उ० ॥ करेलुं धर्माराधन ॥
प्र० ॥ पवित्र जन कोण ॥ ?
उ० ॥ शुद्ध मनवालो ॥
प्र० ॥ निद्रावान् कोण ॥ ?
उ० ॥ [अ]विवेकीजन ॥

प्र० ॥ विष कयुं ॥ ?

उ० ॥ गुरुमां अविश्वास ते ॥

प्र० ॥ संसारमां सार शुं छे ॥ ?

उ० ॥ पोतानुं वा परनुं सारुं करवुं ते ॥ अथवा उद्योग करवो ते ॥

प्र० ॥ मदिरापान कयुं ॥ ?

उ० ॥ मोहनुं उत्पन्न थवुं ते ॥

प्र० ॥ स्नेह कोने कहेवो ॥ ?

उ० ॥ सुधर्ममां स्नेह ते ॥

प्र० ॥ चोर कोण ॥ ?

उ० ॥ पंचेंद्रियना जे विषयो ते ॥

प्र० ॥ संसारवल्ली कई ॥ ?

उ० ॥ तृष्णा ॥

प्र० ॥ वैरी कोण ॥ ?

उ० ॥ अनुद्योग ॥

प्र० ॥ जगतमां भय कोनो छे ॥ ?

उ० ॥ रणनो ॥

प्र० ॥ घणोज अन्ध कोण ॥ ?

उ० ॥ संसाररागी ॥

प्र० ॥ शूरवीर कोण ॥ ?

उ० ॥ कामिनीना कटाक्षथी नहि पीडा पामे ते ॥

प्र० ॥ श्रवणीय शुं ॥ ?

उ० ॥ सदुपदेश ॥

प्र० ॥ महत्तानुं मूल कयुं ॥ ?

उ० ॥ अयाचना ॥

प्र० ॥ पार न पमाय एवुं शुं ॥ ?

उ० ॥ स्त्रीचरित्र ॥

प्र० ॥ चतुर कोण ॥ ?

उ० ॥ स्त्रीचरित्रथी अखण्डित रहे ते ॥

प्र० ॥ दारिद्र कयुं ॥?

उ० ॥ असन्तोष ॥

प्र० ॥ लघु शुं ॥ ?

उ० ॥ याचना करवी ते ॥

प्र० ॥ जीवित शुं ॥ ?

उ० ॥ परहित करतां जीववुं ते ॥

प्र० ॥ जाड्य ते शुं ॥ ?

उ० ॥ बुद्धिमत्ता छतां विद्याभ्यासरहितत्व होय ते ॥

प्र० ॥ जाग्रत कोण ॥ ?

उ० ॥ विवेकीजन ॥

प्र० ॥ निद्रा कइ ॥ ?

उ० ॥ मूढपणुं ॥

प्र० ॥ यौवनधन आयु ते केवां छे ॥ ?

उ० ॥ कमल उपर पडेला पाणीना टीपा जेवां छे ॥

प्र० ॥ चंद्र तुल सीतल शुं ॥ ?

उ० ॥ सुजन जननो समागम ॥

प्र० ॥ नरक कयुं ॥ ?

उ० ॥ परवशता ॥

प्र० ॥ सुख शुं ॥ ?

उ० ॥ आत्मविरति ॥

प्र० ॥ सत्य शुं ॥ ?

उ० ॥ सर्व प्राणीनुं हित करवुं ते ॥

प्र० ॥ जीवने वल्लभ शुं ॥ ?

उ० ॥ प्राण ॥

प्र० ॥ दान कयुं ॥ ?

उ० ॥ जीवोने अभयदान आपवुं ते ॥

प्र० ॥ मित्र कोण ॥ ?

उ० ॥ जे पापथी निवृतावे ते ॥

प्र० ॥ अलंकार शुं ॥ ?

उ० ॥ शील ॥

प्र० ॥ भूषण कयुं ॥ ?
उ० ॥ सत्य वाक्य ॥
प्र० ॥ अनर्थ फलदायक शुं ॥ ?
उ० ॥ चंचल मन ॥
प्र० ॥ सुखवह मैत्री कई ॥ ?
उ० ॥ सत्साधुनो समागम होय ते ॥
प्र० ॥ डाह्यो कोण ॥ ?
उ० ॥ सर्व दुःसंगत्यागी ॥
प्र० ॥ अंध बहेरो अने मूक कोण ॥ ?
उ० ॥ अकृत कार्य करनार ॥ हितवाक्य न सांभलनार अने समयानुकूल न बोलनार ॥
प्र० ॥ मरण शुं ॥ ?
उ० ॥ अतिमूर्खपणुं ॥
प्र० ॥ अमुल्य शुं ॥ ?
उ० ॥ जे समयमां काम आवे ते ॥
प्र० ॥ मरणान्त शल्य कयुं ॥ ?
उ० ॥ प्रच्छन्न रीते अकृत कर्युं होय तो ॥
प्र० ॥ यत्न क्यां करवो ॥ ?
उ० ॥ विद्याभ्यास, सदौषध अने दान तेमां ॥
प्र० ॥ अप्रीति क्यां राखवी ॥ ?
उ० ॥ खलमां, परस्त्रीमां अने परधनमां ॥
प्र० ॥ अहोनिश चिंतवन कोनुं करवुं ॥ ?
उ० ॥ संसारनी असारतानुं ॥
प्र० ॥ मरण पर्यंत पण कोने वैराग्य न आवे ॥ ?
उ० ॥ मूर्खने, पाराधिने, गर्विष्टने अने कृतघ्नीने ॥
प्र० ॥ पूज्य कोण ॥ ?
उ० ॥ सदाचरणी ॥
प्र० ॥ अधम कोण ॥ ?
उ० ॥ ग्रहीत व्रतत्यागी ॥

प्र० ॥ जगत् कोणे जित्युं छे ॥ ?
उ० ॥ सत्य तितिक्षावान् पुरुषें ॥
प्र० ॥ सुर वंदनीय कोण छे ॥ ?
उ० ॥ परिपूर्ण दयाधर्म पालनार ॥
प्र० ॥ बुद्धिमान कोनाथी भय पामे ॥ ?
उ० ॥ संसारारण्यथी ॥
प्र० ॥ प्राणीयो कोने वश करे छे ॥ ?
उ० ॥ सत्य अने प्रिय वाक्य कहेनारने ॥ तथा विनयवान ते (ने) ॥
प्र० ॥ सुजनने क्यां ऊभुं रहेवुं ॥ ?
उ० ॥ लाभालाभनो विचार छोडी न्यायमार्गमां ऊभं (भुं) रहेवुं ॥
प्र० ॥ विजली समान शुं छे ॥ ?
उ० ॥ दुर्जनसंगति अने युवति जननी प्रीति ॥
प्र० ॥ कया युगमां सुमनुष्यनी पण मति दुःशील आचरण करवामां तत्पर थाय छे ॥ ?
उ० ॥ कलियुगमां ॥
प्र० ॥ शोचनीय शुं छे ॥ ?
उ० ॥ कार्पण्य ॥
प्र० ॥ धनीनुं शुं प्रशंसनीय छे ॥ ?
उ० ॥ औदार्य ॥
प्र० ॥ पराभव पामेला अने निर्धननुं शुं प्रशंसनीय छे ॥ ?
उ० ॥ सहनशीलपणुं ॥

इति प्रश्नोत्तर वाक्यरत्नसङ्ग्रहः समाप्तः ॥

॥ शुभं भवतु ॥ कल्याणमस्तु ॥ श्रीरस्तु ॥ छ सं. १९५९ छ